# શહેરમાં વધુ બે કેસ : કુલ ૯ કેસ

**અમદાવાદ પછી વડોદરા-ગાંધીનગરમાં નવ-નવ કેસ : ગાંધીનગરમાં સાત કેસ સંક્રમણને કારણે નોંધાયા : આખા રાજ્યમાં સંક્રમણથી વધુ કેસ ગાંધીનગરમાં નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં આજે વધુ બે કેસ કોરોનાના પોઝીટીવ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા નવ થઈ છે. રાજ્યમાં કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૫૫ થઈ છે જેમાં અમદાવાદ પછી ગાંધીનગર અને વડોદરામાં નવ-નવ કેસ નોંધાયા છે.

આજે સવારે ગાંધીનગરમાં ૮૧ વર્ષીય વૃદ્ધને કોરોના પોઝીટીવ જણાયો હતો જ્યારે બપોર પછી વધુ એક કેસ નોંધાયો છે જે પેથાપુરનો રહીશ છે અને જિલ્લા આરોગ્યતંત્ર સાથે સંકળાયેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં જે નવ કેસ નોંધાયા છે તેમાં સાત લોકલ ટ્રાન્સમિશનને કારણે નોંધાયેલ છે. હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૮ પોઝીટીવ દર્દીઓ સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્યતંત્રના ત્રણ કર્મયોગીઓ કોરોના વાયરસમાં સપડાતા તંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આજે જે બન્ને કેસ પોઝીટીવ આવ્યા છે તે ઉમંગ અને અશોક પટેલના સંપર્કમાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન તંત્રએ આ દર્દીઓના કોન્ટેક્ટમાં આવેલા લોકોને શોધી અને હોમક્વોરોન્ટાઈન કરવાની કવાયત તેજ બનાવી છે.

## રાજ્યમાં લોકલ ટ્રાન્સમીશનથી સૌથી વધુ કેસ ગાંધીનગરમાં નોંધાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં કોરોનાના કેસો સંક્રમણથી આખા રાજ્યમાં સૌથી વધુ નોંધાયા છે. રાજ્યમાં સંક્રમણ અર્થાત લોકલ ટ્રાન્સમીશનથી ૨૪ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગરમાં સાત કેસ નોંધાયા છે. આ પછી રાજકોટમાં-૬, અમદાવાદમાં-૫, સુરતમાં-૫, મહેસાણામાં-૧, વડોદરામાં-૩ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં નોંધાયેલ નવ કેસમાંથી બે દર્દી વિદેશ પ્રવાસેથી આવ્યા છે તે પોઝીટીવ જણાયા પછી આ બે દર્દીઓના સંક્રમણથી વધુ સાત લોકો કોરોનામાં સપડાયા છે.





લોકડાઉનને પગલે લગભગ બધા જ કામધંધા બંધ છે. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ હજુ મળી રહી છે. બાંધકામ પ્રવૃત્તિ હોય કે કારખાના, હોટલ ઉદ્યોગ હોય કે અન્ય કોઈ પ્રવૃત્તિ... બધામાં મોટાભાગના પરપ્રાંતીય મજૂરો રોકાયેલા છે. રોજગારી માટે ગામડાઓ છોડી શહેરમાં વસેલો આ મજૂર વર્ગ લોકડાઉનને પગલે વતન તરફ પ્રયાણ કરી રહ્યો છે. કોઈ વાહન ન મળતા પગપાળા જ તેઓ ઘર ભણી ચાલી નીકળ્યા છે.

# જિલ્લાના ત્રણ આરોગ્ય કર્મયોગીઓ કોરોનાની ઝપટમાં

**અશોક પટેલના સંપર્કમાં આવેલ એક વર્કર અને તબીબી અધિકારી પણ કોરોનામાં સપડાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ત્રણ આરોગ્ય કર્મીઓ કોરોના વાયરસમાં સપડાતાં જિલ્લા આરોગ્યતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ઉમંગ પટેલના સગા અને વેડામાં ફાર્માસ્ટીટ તરીકે ફરજો બજાવતા અશોક પટેલના સંપર્કમાં આવેલ એક આરોગ્ય કાર્યકર તથા વેડાના તબીબી અધિકારીને પણ કોરોનાનો કેસ પોઝીટીવ આવતાં તંત્રમાં આજે સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લા આરોગ્યતંત્રએ વેડા અને વડસરમાં દવા છંટકાવની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે. વેડા અને વડસર પ્રા.આ. કેન્દ્રને ટેલી મેડીસીન હેઠળ મુકવાનો નિર્ણય જિલ્લાતંત્રએ અગાઉ કર્યો હતો.

આજે વર્કર જે ક્વોરોન્ટાઈનમાં હતો અને તે દરમ્યાન પોતાના ઘરે ગયો હોવાની વાતો પણ બહાર આવી છે. બીજી તરફ મહેસાણા કલેક્ટરે પણ આ બાબતે સ્પષ્ટતા કરી જણાવ્યુ હતુ કે તે વિજાપુરનો રહીશ છે અને આવ્યાની જાણ થતાં જ તુરત જ ક્વોરોન્ટાઈન સેન્ટરમાં પરત મોકલાયો હતો.

આરોગ્યતંત્રએ અશોક પટેલનો કેસ પોઝીટીવ આવતાં જ તેના સંપર્કમાં આવેલ ૧૭ કર્મચારીઓને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં રાખી દીધા હતા. જ્યારે ૧૫ને હોમ ક્વોરોન્ટાઈનના આદેશો આપ્યા હતા.

તંત્ર દ્વારા અશોક પટેલના સંપર્કમાં આવેલા ૨૩૦ થી વધુ દર્દીઓનું સ્ક્રીનીંગ પણ કર્યુ હતુ જે નોંધનીય છે.

મળતી વિગતો પ્રમાણે વેડામાં તબીબી અધિકારી તરીકે ફરજો બજાવતી વ્યક્તીને આજે કોરોના પોઝીટીવ જણાયો હોવાનું જાણવા મળતાં જ તંત્રમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે. જો કે તંત્રમાં સૌએ મૌન ધારણ કરી લીધુ છે.

તબીબી અધિકારીના સંપર્કમાં આવેલ વ્યક્તીઓને પણ હોમ ક્વોરોન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ તબીબી અધિકારી ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ખાતે રહેતા હોવાનું જાણવા મળેલ છે.

## મહેસાણા જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસને પગલે જિલ્લા કલેકટરની સ્પષ્ટતા

પ્રચાર-પ્રસાર માધ્યમોમાં મહેસાણા જિલ્લાના કોરોના વાયરસ પોઝીટીવ કેસના પગલે મહેસાણા જિલ્લા કલેકટર એચ.કે. પટેલે સ્પષ્ટતા કરી હતી. જિલ્લા કલેકટરે જણાવ્યું છે કે મહેસાણાના એક વ્યક્તિ જેમનો કોરોના ટેસ્ટ પોઝેટીવ આવ્યો છે તેઓ મહેસાણાના નથી આ સમાચારો ગેરમાર્ગે દોરનાર છે જેથી જિલ્લા કલેકટર દ્વારા આવા સમાચારને સમર્થન પણ આપ્યુ નથી.

જિલ્લા કલેકટરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે પોઝીટીવ ટેસ્ટ આવેલી વ્યક્તિ ગાંધીનગર જિલ્લામાં સરકારી ફરજ બજાવે છે. આ વ્યક્તિ અન્ય કોરોના પોઝેટીવ ટેસ્ટવાળા વ્યક્તિના સંસર્ગમાં આવેલા હતા. આ વ્યક્તિને કોરોના વાયરસ (કોવિડ-૨૦૧૯)ના લક્ષણો જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમનો ટેસ્ટ કરવામાં આવેલ હતો. આ વ્યક્તિને કોરોના (કોવિડ-૨૦૧૯) પોઝીટીવ આવેલ છે.

આ વ્યક્તિનું કુટુંબ મહેસાણા જિલ્લામાં રહે છે અને તેથી તેમના રહેણાંકના સ્થળે જિલ્લા આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ઘનિષ્ટ સર્વેલન્સની કામગીરી કરાઈ છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય તેમના આરોગ્યની તપાસ કરી હોમ ક્વોરેન્ટાઈન કરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જો કે આ વ્યક્તિના કુટુંબને સતત તબીબી દેખરેખ હેઠળ હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ છે અને તેમના કુટુંબમાં કોરોના (કોવિડ-૨૦૧૯)ના વાયરસથી વિકસતા કોઈ લક્ષણો હાલમાં જણાયા નથી. તેમ જિલ્લા કલેકટર એચ.કે. પટેલની અખબારી યાદીમાં જણાવાયું છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યના સુરક્ષાકર્મીઓને ૨૫ લાખનું વીમા કવચ આપવાનો નિર્ણય.
- દરેક જિલ્લા મથકોએ ૧૦૦ બેડની આઈસોલેશન હૉસ્પિટલ બનાવાશે.
- ભાજપના દરેક ધારાસભ્યો પોતાની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ રૂપિયા કોરોના વાયરસના ઈલાજ માટે વાપરશે.
- માસ્ક પહેર્યા વિના પેટ્રોલ પંપ જતા ગ્રાહકોને પેટ્રોલ નહીં આપવાનો સંચાલકોનો નિર્ણય.
- અમદાવાદ - ગાંધીનગરના ડી-માર્ટ, ઓશિયા હાઈપર અને બીગ બજાર બંધ કરવા આદેશ.
- રાજ્યમાં જાહેરનામાના ભંગ બદલ વધુ ૬૦૮ ગુના નોંધાયા. જ્યારે કોરોન્ટાઈલ ભંગ કરવાના ૩૯૨ ગુનાઓ નોંધાયા છે. ૧૫૯૫ આરોપીઓની અટકાયત કરાઈ. જ્યારે ૩૩૬૫ વાહનો જપ્ત કરાયા.
- જાણીતા લોકગાયક કીર્તીદાન ગઢવીએ ૧૧ લાખ રૂપિયા જ્યારે હકુભા ગઢવીએ ૧૦ વર્ષની આવક કોરોના અસરગ્રસ્તોના ફંડમાં આપી.
- જાણીતા કથાકાર જિજ્ઞેશ દાદાએ રૂ. ૫,૫૫,૫૫૫નો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો.
- હોમ કોરોન્ટાઈનમાં રખાયેલ એક પરિવાર મહેસાણા પહોંચી જતાં મહેસાણાના પડોશીઓએ ફરિયાદ કરતાં પોલીસે કાયદેસર કાર્યવાહી કરી.
- ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે રાજ્ય સરકારે ૩.૨૫ લાખ વિદ્યાર્થીઓને ૧૫૦૦ રૂપિયા આપશે. ગુજરાતની આશ્રમશાળા, સમરસ હોસ્ટેલ અને બાળ સંરક્ષણ ગૃહમાં રહેતા વિદ્યાર્થીઓ રાજ્ય સરકાર એપ્રિલ મહિનાના ખર્ચ પેઠે ૧૫૦૦ રૂપિયા આપશે.

# શહેરમાં સતત ચોથા દિવસે પણ સફળ લોકડાઉન

**પોલીસની કડક કામગીરી : શહેરના મુખ્યમાર્ગો, શોપિંગ સેન્ટરો, સેકટરોના આંતરિક માર્ગો પર સુનકાર : બપોરના સમયે એકલદોકલ પણ અવરજવર નહીં : અવાજ અને વાયુનુ પ્રદુષણ અદ્રશ્ય રહેતા રાત્રિના આકાશી નઝારો પણ બદલાયો હોવાનો સુર : સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ પોલીસનુ પેટ્રોલીંગ નાગરિકોને ઘરમાં રહેવા જ સુચના**





ગાંધીનગર તા ૨૮

કોરના વાયરસને હરાવવા માટે નગરજનો સજ્જ છે. છેલ્લા ચાર દિવસથી નગરમાં સફળ લોકડાઉન વચ્ચે આમ નાગરિકો ઘરમાં જ રહેવાનુ પસંદ કરે છે. નગરના મુખ્યમાર્ગો , સેકટરોના શોપિંગ સેન્ટરો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સુનકાર જોવા મળે છે. ક્યારેક એકલ દોકલ વ્યકિતની અવરજવર સિવાય દિવસ દરમિયાન અનોખો સન્નાટો જોવા મળી રહ્યો છે. બીજીતરફ પોલીસતંત્ર પણ આ મામલે કડક વલણ અપનાવ્યુ છે. ઘરની બહાર લટાર મારતા નાગરિકો સામે ગુન્હો નોંધવા સહીત વાહનો ડીટેઈન કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શાંતિ પ્રિય નગરમાં વાયુ અને અવાજનુ પ્રદુષણ પણ અદ્રશ્ય થઈ ગયુ છે. જેના લીધે રાત્રિના સમયે આકાશી નઝારો પણ બદલાયો હોવાનુ પણ નગરજનોમાં ચર્ચા સ્થાને છે.

કોરના વાયરસના લીધે શહેરમાં છેલ્લા ચાર દિવસથી લોકડાઉનની સ્થિતિ યથાવત છે. આજે પણ દિવસ દરમિયાન નગરમાં સફળ લોકડાઉન જોવા મળ્યુ હતુ. નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. બપોરના સમયે શહેરના માર્ગો પર એકલ દોકલ અવરજવર પણ જોવા મળી ન હતી. શહેરમાં લોકડાઉન નહીં પરંતુ બપોર દરમિયાન કરફયુની સ્થિતિ જોવા મળી હતી. ગાંધીનગર વર્ષોથી તેના શાંત મિજાજ માટે જાણીતુ છે. દોઢ દાયકા પુર્વે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં શહેરમાં સ્વયં લોકડાઉન હોય તેવા દ્રશ્યો જોવા મળતા હતા. જયારે આજે પણ આ દિવસોની યાદ તાજી થાય તેવો નઝારો જોવા મળી રહ્યો છે. નાગરિકો ઘરમાં જ રહેવાનુ પસંદ કરે છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૯ કેસ નોંધાયા છે. જેના લીધે શહેરીજનો પણ કોરોનાના રોગચાળાને હરાવવા માટે મક્કમ બન્યા છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારોમાં સુનકાર જોવા મળી રહ્યો છે. જો કે સાંજના સમયે રહેણાંક વિસ્તારના ચોકમાં સ્થાનિકો ટહેલવા નિકળી પડે છે. પોલીસ તંત્રએ પણ લોકડાઉનની સ્થિતિને ધ્યાને લઈ કડક કાર્યવાહી હાથ ધરી છે. માર્ગો પર એકલ દોકલ જતા નાગરિકોને પણ પોલીસ બહાર ન નિકળવાની વોર્નિંગ સાથે કારણ યોગ્ય જણાંય તો જ જવા દે છે. જયારે બહાર નિકળવા બદલ ગુન્હો નોંધી વાહનો પણ ડીટેઈન કરવા સુધીની કડક કાર્યવાહી પોલીસ કક્ષાએ કરવામાં આવી રહી છે. સેકટરોના આંતરિક માર્ગો પર પણ પોલીસ સતત પેટ્રોલીંગ કરતી નજરે પડે છે. પોલીસની કડક કામગીરીના લીધે પણ નાગરિકો બહાર નિકળતા ડરે છે. જયારે કોરોના મામલે જાગૃત બનેલા નાગરિકો પણ ઘરની બહાર ન નિકળવુ જ હિતાવહ હોવાનુ થાની લીધુ છે. શહેરમાં સતત ચોથા દિવસે લોકડાઉનના લીધે ખાલીપો જોવા મળી રહ્યો છે. નગરના વિવિધ માર્ગો , શોપિંગ સેન્ટરો , સેકટરોના આંતરિક માર્ગો નજર નાંખો ત્યાં સુનકાર પ્રવર્તેલો છે. બીજીતરફ આ પ્રકૃતિ લોકડાઉનની અસર વચ્ચે નિખરી છે. આકાશી નઝારો બદલાયો છે. વાયુ અને અવાજનુ પ્રદુષણ પણ અત્યારે નહીંવત બરાબર પણ નથી. નગરની હરિયાળી પણ રીફ્રેશમેન્ટ સાથે રીચાર્જ થઈ રહી હોવાનો અહેસાસ નાગરિકો કરી રહ્યા છે. નગરજનોની સર્તકતા અને જાગૃતતા કોરોના વાયરસને હરાવવા માટે જીતનુ કારણ બનશે.

## ગાંધીનગરમાં કોરોનાની ટૂંકી વાતો

**● ડો. ચાવડાએ તેમની ગ્રાન્ટમાંથી ૧૦ લાખ ફાળવ્યા**
ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે તેમને મળતી ગ્રાન્ટમાંથી રૂ. ૧૦ લાખ તેમના વિસ્તારમાં આવતા વિવિધ પ્રા.આ. કેન્દ્રોમાં કોરોના સામે લડવા માટે ફાળવી આપેલ છે.

**● મનપા માટે ૫૦ લાખ ફાળવતી સરકાર**
કોરોના વાયરસની ઉભી થયેલી સ્થિતિમાં ગાંધીનગર મહાનગર પાલિકાને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે રૂ. ૫૦ લાખની રકમ ફાળવી અને કમિશ્નરને હસ્તક મુકી છે.

**● ગેરહાજર મનપાના કર્મયોગીઓ સામે પગલાં લેવાશે**
૨૮ અને ૨૯ બે રજાના દિવસો હોવા છતાં ગાંધીનગર મનપાની આવશ્યક સેવાઓ ચાલુ હતી અને આ દિવસોમાં ગેરહાજર રહેનાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની ચીમકી મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી(ચારણે) આપી છે.

**● વડીલ વંદના અંતર્ગત ૩૦૦ વ્યક્તીઓને ભોજન અપાયુ**
ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વડીલ વંદના યોજના અંતર્ગત સવારે ૧૫૦ અને સાંજે ૧૫૦ લોકોને ભોજન પીરસવામાં આવ્યા હતા.

**● ગાંધીનગરમાં હોમક્વોરોન્ટાઈન ૩૯૭ વ્યક્તિ**
ગાંધીનગર મનપામાં હોમ ક્વોરોન્ટાઈન હેઠળ ૩૯૭ વ્યક્તીઓ છે. હોમ ક્વોરોન્ટાઈન થયેલા લોકોની સંખ્યામાં આજે વધારો થવા પામ્યો છે.

**કોરોના ગભરાઈએ નહિ સતર્ક રહીએ...**
- જનહિતમાં પ્રકાશિત

## રાજ્યમાં ૫૫ કેસ : ૪ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં કોરોના વાયરસના વધુ ૮ કેસ પોઝિટિવ આવતા કેસોની સંખ્યા વધીને ૫૫ પર પહોંચી ગઈ છે. જ્યારે રાજ્યમાં મોતના આંકડો ૪ થયો છે. કોરોનાના લીધે અમદાવાદમાં એકનું મોત થયું છે. ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસને રોકવા માટે રાજ્યમાં બનતા તમામ પ્રયાસો યુદ્ધના ધોરણે કરાઈ રહ્યા છે પરંતુ હજુ નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. સાવચેતીના પગલા પણ તમામ લોકો લે તેની કાળજી લેવામાં આવી રહી છે. લોકડાઉનના ચોથા દિવસે વધુ કઠોર નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા હતા. અમદાવાદની ૪૬ વર્ષીય એક મહિલાનું એસવીપી હોસ્પિટલમાં મોત નીપજતાં ભારે ચકચાર મચી ગઈ છે. આમ, અમદાવાદ શહેરમાં કોરાના વાઈરસના કારણે બે વ્યકિતના મોત નોંધાયા છે, જયારે કોરાનાના કારણે રાજયનો કુલ મૃત્યુઆંક ચાર થયો છે.

| શહેર | કેસ |
|---|---|
| અમદાવાદ | ૧૮ |
| વડોદરા | ૦૯ |
| સુરત | ૦૭ |
| રાજકોટ | ૦૮ |
| ગાંધીનગર | ૦૯ |
| કચ્છ | ૦૧ |
| ભાવનગર | ૦૧ |
| મહેસાણા | ૦૧ |
| ગીર-સોમનાથ | ૦૧ |
| કુલ કેસ | ૫૫ |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com